# આવતીકાલે 'બાપા'ની શાહી સવારી આવે છે

## શહેરમાં ગણેશ ઉત્સવની તડામાર તૈયારીઓ : બજારોમાં ગણેશદાદાની મૂર્તિઓની ખરીદીમાં અટળક ભીડ ૩૧ ઓગષ્ટે શુભ મુહૂર્તમાં ગણપતિદાદાની મૂર્તિનું સ્થાપન કરાશે : ગણપતિ બાપા મોર્યાના નાદથી શહેર ગુંજી ઉઠશે

ગાંધીનગર, તા. ૨૯

વિઘ્નહર્તા દેવ ગણપતિ દાદાના ગણેશ મહોત્સવનો આવતીકાલે ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસથી પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે શહેરમાં ગણેશ ચતુર્થીની તડામાર તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. શહેરમાં મોડી રાત સુધી ગણપતિદાદાની અવનવી આકર્ષક અને મનોહર મૂર્તિઓ ખરીદવા ગણેશ ભક્તોએ ભીડ જમાવી હતી. આવતીકાલે તારીખ ૩૧ ઓગષ્ટે શુભ મુહૂર્તમાં વિધિવત રીતે ગણપતિ દાદાની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવશે.

ગાંધીનગરમાં સેક્ટર-૨૨, સેક્ટર-૨, સેક્ટર-૩માં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત મહારાષ્ટ્ર સમાજ ભવન સહિત અનેક ધાર્મિક સંસ્થાઓમાં તથા ઘરે ઘરે ગણપતિ સ્થાપન-પૂજન-આરતી યોજાશે.

ગણેશ ભક્તો દસેય દિવસ શ્રદ્ધાપૂર્વક ભગવાનની પૂજા કરશે. દસ દિવસ બાદ અનંત ચતુર્દશીએ દાદાની મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે.

શહેરમાં ગણેશ મહોત્સવની તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. શુભ મુહૂર્તમાં ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવશે જ્યારે આખુ શહેર 'ગણપતિ બાપા મોર્યા ઘીના લાડુ ચોર્યા'ના નાદથી ગાજશે અને શોભાયાત્રાઓ નીકળશે. સતત બે વર્ષ બાદ કોરોનાકાળને અંતે ઉજવણીઓ કરવામાં આવશે. દસેય દિવસ ગણેશ ભક્તો ભક્તિમાં લીન બનશે.

### ફૂલ, પૂજાપો, પ્રસાદ અને મીઠાઈના વેપારીઓને તડાકો

ગણેશ ચતુર્થી નિમિત્તે સ્થાનિક ફૂલ, પૂજાપો, પ્રસાદ, સૂકામેવા તેમજ મીઠાઈ અને ફરસાણના વેપારીઓને ત્યાં ગ્રાહકોની સારી એવી ભીડ જામી રહી છે. ગણેશ ઉત્સવના સામુહિક અને વ્યક્તિગત આયોજનના કારણે ઉપરોક્ત ચીજવસ્તુઓના વિક્રેતાઓને ત્યાં ભારે તડાકો પડ્યો હોય તેમ તેઓ સતત વ્યસ્ત જોવા મળી રહ્યા છે.

### સેક્ટર-૨ માં ગણેશોત્સવ

તારીખ કાર્યક્રમ
૩૧-૮-૨૨ - ભજનસંધ્યા
૧-૯-૨૨ - કરા ઓકે હિન્દી ગીતોનો કાર્યક્રમ
૨-૯-૨૨ - બાળકો માટે રમત-ગમત (લીંબુ ચમચી, સંગીત ખુરશી)
૩-૯-૨૨ - હાસ્ય દરબાર-ત્રિપુટીનો તરખાટ
૪-૯-૨૨ - ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સહયોગથી આકાશ ડાન્સ ઝોન દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ
૫-૯-૨૨ - ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા બાળકોની ગેમ, યુવાનોની ગેમ, કપલ ગેમ અને હાઉસી
૬-૯-૨૨ - રાસ-ગરબા, બોર્ડમાં ઉત્તીર્ણ થયેલ સે. ૨ના વિદ્યાર્થીઓને સત્કારવા સન્માનીય કાર્યક્રમ શીલ્ડ, મેડલ, સર્ટીફિકેટ વિતરણ
૭-૯-૨૨ - વિસર્જન

### સે. ૨૨ રંગમંચ, ગણેશોત્સવ

તારીખ કાર્યક્રમો
૩૧-૮-૨૨ સવારે ૧૦.૩૦ કલાકે - શોભાયાત્રા પ્રસ્થાન પ્લોટ નં. ૩૨૫, સે. ૧-સીથી નીકળી ચ-૨ સર્કલથી ચ-૫ ફૂવારા સર્કલ થઈ પંચદેવ મંદિર થઈને સે. ૨૨ રંગમંચ પહોંચશે.
રાત્રે ૮.૦૦ કલાકે - મંગલદીપ પ્રાગટ્ય (ભજનસંધ્યા-ડાયરો)
૧-૯-૨૨ - રાત્રે ૮ કલાકે - લોક નૃત્યોત્સવ
૨-૯-૨૨-બપોરે ૧.૩૦ વાગે - હલ્દી કંકુ, ભજન ગ્રૂપ, આરતી સુશોભન, ફૂલદાની સુશોભન તથા મોદક સ્પર્ધા
રાત્રે ૮ કલાકે - બોલીવુડ ફ્રીએસ્ટા-જનરેશન નેક્ષ્ટ મ્યુઝિકલ નાઈટ
૩-૯-૨૨ - રાત્રે ૮ કલાકે - દેશભક્તિ થીમ આધારિત નૃત્ય સ્પર્ધા
૪-૯-૨૨ - રાત્રે ૮ કલાકે - સાંસ્કૃતિક નૃત્યો
૫-૯-૨૨ - રાત્રે ૮ કલાકે - ફિલ્મી ગીત સ્પર્ધા
૬-૯-૨૨ - સવારે ૧૧.૩૦ કલાકે - ગણેશ ભગવાનની પૂજા આરતી, શોભાયાત્રા

### સેક્ટર-૩-ડી, યુવક મિત્રમંડળ

તારીખ કાર્યક્રમો
૩૧-૮-૨૨ - રાત્રે ૮.૩૦ કલાકે - ગરબાની રમઝટ
૧-૯-૨૨ - રાત્રે ૮.૩૦ કલાકે - જાદુનો જલસો
૨-૯-૨૨ - રાત્રે ૮.૩૦ કલાકે - મ્યુઝીકલ નાઈટ
૩-૯-૨૨ - રાત્રે ૮.૩૦ કલાકે - સંગીતમય સુંદરકાંડ પાઠ
૪-૯-૨૨ - રાત્રે ૮.૩૦ કલાકે - હાસ્ય દરબાર
૫-૯-૨૨ - રાત્રે ૮.૩૦ કલાકે - રાસ-ગરબા
૬-૯-૨૨ - સવારે - ૧૦.૦૦ કલાકે - ગણેશ વિસર્જન

### ગણેશ સ્થાપનાના શુભ મુહૂર્ત

સવારે - ૬.૨૩ થી ૭.૫૭ લાભ
સવારે - ૭.૫૭ થી ૯.૩૧ અમૃત
બપોરે - ૧૧.૦૫ થી ૧૨.૪૦ શુભ
સાંજે - ૫.૨૩ થી ૬.૫૭ લાભ
રાત્રે - ૮.૨૩ થી ૯.૪૮ શુભ

# સાઈ ખાતે વિવિધ સ્પર્ધાઓ સાથે "નેશનલ સ્પોર્ટ્સ ડે" ઉજવાયો

ગાંધીનગર, તા.૨૯

ભારતમાં દર વર્ષે તા. ૨૯ ઓગસ્ટને "હોકીના જાદુગર" તરીકે જાણીતા મહાન ખેલાડી મેજર ધ્યાનચંદજીના જન્મદિવસને "રાષ્ટ્રીય રમતગમત દિવસ" એટલે કે "નેશનલ સ્પોર્ટ્સ ડે" તરીકે ઉજવવામાં આવે છે.

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેના સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયા ખાતે આજે "નેશનલ સ્પોર્ટ્સ ડે"ની ઉજવણીના ભાગરૂપે યોજવામાં આવેલાં કાર્યક્રમમાં ભારતના પેરાલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ પદ્મ ભૂષણ ખેલાડી દેવેન્દ્ર ઝાઝરિયા અને સાઈના પ્રાદેશિક નિયામક ઈનચાર્જ મણિકાંત શર્મા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મેજર ધ્યાનચંદની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સાઈ ખાતે યોજાયેલી "નેશનલ સ્પોર્ટ્સ ડે"ની ઉજવણીમાં સવારના સત્રમાં વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં સાઈ કેમ્પસમાં વિવિધ

રમતોમાં તાલીમ મેળવી રહેલાં તાલીમાર્થીઓનું ચાર વિભાગોમાં વિભાજન કરીને કબડ્ડી, લેગ ક્રિકેટ, હેન્ડબોલ, ૧૦૦ મીટર રેસ અને ૪૮૧૦૦ મીટર રેસ વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. બપોર પછી બીજું સત્ર સાઈ એનસીઓઈ ખાતે મનોરંજક રમતોથી ભરેલું હતું જેમાં રસ્સા ખેંચ, કોથળા દોડ, લીંબુ ચમચી, સંગીત ખુરશી અને ખજાના શોધ વગેરેનો સમાવેશ કરાયો હતો. કાર્યક્રમના સમાપને યોજાયેલાં ઈનામ સમારોહમાં સ્પર્ધાઓમાં "ભગત સિંહ હાઉસ" ટીમને ચેમ્પિયનશિપ વિજેતા જાહેર કરાઈ હતી.

કોરોનાના કપરા કાળમાં આરોગ્યના કર્મચારીઓએ દિવસ-રાત જોયા વિના પોતાની ફરજ બજાવી હતી. પોતાની ફરજ દરમ્યાન ઘણા કોરોના વોરીયર્સનું મૃત્યુ થયુ હતુ. આવા કોરોના વોરીયર્સને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ જિલ્લા પંચાયત ખાતે યોજાઈ ગયો. બે મિનિટ મૌન પાળી અવસાન પામેલા કોરોના વોરીયર્સને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

# ગાંધીનગરના સેક્ટર-૨૨ રંગમંચ ખાતે ૫૩મો સાર્વજનિક ગણેશોત્સવ ઉજવાશે

### બુધવાર સવારે સે. ૧ માંથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે, દરરોજ રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૨૨ રંગમંચ ખાતે ૫૩માં સાર્વજનિક ગણેશોત્સવ ઉજવાશે આ માટે હાલ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. કોરોનાકાળ બાદ મોટાપાયે આ ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે ગણેશોત્સવ દરમ્યાન વિવિધ ધાર્મિક સામાજિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે માહિતી આપતા શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસે જણાવ્યું હતું કે સમિતિ દ્વારા ૫૩મો સાર્વજનિક ગણેશોત્સવ આ વર્ષે રંગેચંગે ઉજવવામાં આવશે. ૩૧ ઓગષ્ટના બુધવારે શ્રીજીની મૂર્તીઓની પૂજા બાદ સિદ્ધરાજ ગૃપના ચેતનભાઈ પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૨૫ સેક્ટર-૧-સી થી શોભાયાત્રા નિકળી ચ-૨ સર્કલથી ચ-૫ થઈને સે. ૨૨ના રંગમંચ પહોંચશે. રાત્રે આઠ વાગે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ભજન સંધ્યા અને ડાયરો યોજાશે જેમાં ખ્યાતનામ પટેલ અભિતા પટેલ, ધર્મેશ બારોટ, વિક્રમભાઈ માલધારી તથા તેજસ્વીની બારોટ સહીતના કલાકારો ભજનોનું રસપાન કરાવશે. આ સાથે ગાંધીનગરમાં મૃત્યુ પામેલા સ્વજનોને સામુહિક શ્રદ્ધાંજલીનો કાર્યક્રમ પણ યોજાશે. તા. ૧લી સપ્ટેમ્બરને ગુરૂવારે રાત્રે આઠ વાગે ગાંધીનગરની વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા લોક નૃત્યોત્સવ રજુ કરવામાં આવશે. તા. ૨ સપ્ટેમ્બરને શુક્રવારે બપોરે જ્યોતિ મહિલા મંડળના ઉપક્રમે બહેનો માટે હલદીકંકુ, ભજનગૃપ, આરતી સુશોભન, ફુલદાની સુશોભન તથા મોદક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બ્રહ્માકુમારીના પૂજ્ય કૈલાશદીદી હાજરી આપશે. જ્યારે રાત્રે આઠ વાગે બોલીવુડ ફીએસ્ટાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બલ્લુ સિંધાના રિધન ઓરકેસ્ટ્રા સાથે આનલ વસાવડા, પાયલ વખારીયા સહિતના કલાકારો હિન્દી ફિલ્મી ગીતોની રમઝટ બોલાવશે. શનિવારે તા. ૩ સપ્ટેમ્બરના રોજ રાત્રે આઠ વાગે ગાંધીનગરની વિવિધ શાળાઓની દેશભક્તિ થીમ આધારીત નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૪થીને રવિવારના રોજ રાત્રે આઠ વાગે ભારતના વિવિધ પ્રાંત આધારિત સાંસ્કૃતિક નૃત્યો યોજાશે. સોમવારે મિનાક્ષી મેમોરીયલ ટ્રસ્ટના સૌજન્યથી બેસ્ટ સિંગર ઓફ ધ સિટી ફિલ્મી ગીત સ્પર્ધા યોજાશે જેમાં ગાંધીનગરના વિવિધ કલાકારો વિવિધ વયજૂથમાં પોતાની પ્રતિભા રજુ કરશે. તો મૂર્તિનું વિસર્જન મંગળવારને તા. ૬ સપ્ટેમ્બરના રોજ સવારે યોજાશે. ૧૧.૩૦ કલાકે શ્રી ગણેશ ભગવાનની પૂજા આરતી બાદ ભવ્ય શોભાયાત્રા પણ નિકળશે. આ પ્રસંગે વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ ૫૩માં વર્ષમાં યોજાતી સાર્વજનિક ગણેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી બનીને ગાંધીનગરના કલાકારોને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો હતો.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે એક માસ માટે દક્ષિણા લીડરશિપ પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી ગાંધીનગર દ્વારા "દક્ષિણા" સંસ્થા સાથે હાથ મિલાવવામાં આવ્યાં છે, અને ઉદ્યોગસાહસિક તેમજ સમાજસેવક રુયંતન મહેતા એક મહિના લાંબા ''દક્ષિણ લીડરશીપ કાર્યક્રમ'' જેમાં ૧૦૦ શૈક્ષણિક રીતે ઉત્કૃષ્ટ પરંતુ આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓને, મુખ્યત્વે ગ્રામીણ ભારતના, નેતૃત્વ, વિવેચનાત્મક વિચારસરણી અને સંચારની આવશ્યક કુશળતામાં તાલીમ આપવા માટે.-'' શરૂ કરવામાં આવશે. આ કાર્યક્રમ આગામી તા.૧થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. દક્ષિણા હાલમાં તેજસ્વી અને ગરીબ વિદ્યાર્થીઓને, મુખ્યત્વે ગ્રામીણ ભારતના, ૧-૨ વર્ષ માટે સઘન કોચિંગ દ્વારા આઈઆઈટી અને તબીબી પ્રવેશ પરીક્ષાઓની તૈયારી કરવામાં મદદ કરે છે. જો કે, તેમની પ્રતિભામાં વધુ મૂલ્ય ઉમેરવા માટે તેમની નરમ કુશળતા, જેમ કે નેતૃત્વ, નિર્ણાયક વિચાર અને સંદેશાવ્યવહાર બનાવવાની પણ જરૂર હતી. આઈઆઈટી ગાંધીનગર દક્ષિણા લીડરશિપ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવામાં મદદ કરવા માટે આઈઆઈટી વાતાવરણમાં આ કૌશલ્યો અને જ્ઞાનથી સજ્જ કરવાનો છે. પ્રથમ આઈઆઈટી ગાંધીનગર દક્ષિણા લીડરશિપ પ્રોગ્રામ તેમની પુણે, બેંગ્લોર અને હૈદરાબાદ શાખાઓમાંથી પસંદ કરાયેલા ૧૦૦ દક્ષા વિદ્વાનોને હોસ્ટ કરશે. તેઓ દક્ષિણા ખાતે તેમની આઈઆઈટી-જેઈઈ તૈયારીમાં સારું પ્રદર્શન કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ તેમના શૈક્ષણિક રેકોર્ડના આધારે સઘન કોચિંગ માટે પસંદગી પામ્યા બાદ અને ધોરણ ૧૦ અને ૧૨ અને દક્ષાના માલિકી પરીક્ષણમાં પરિણામ મેળવ્યા પછી ભારતભરની જવાહર નવોદય વિદ્યાલય અને અન્ય સરકારી શાળાઓમાંથી અહીં આવે છે. આ વિદ્યાર્થીઓના માતા-પિતા કે વાલીઓની વાર્ષિક આવક સામાન્ય રીતે બે લાખ રૂપિયાથી ઓછી હોય છે.

### તા. ૧ અને ૨ સપ્ટેમ્બરના રોજ

# ગાંધીનગર ખાતે માત્ર મહિલાઓ માટે રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી – મોડલ કેરિયર સેન્ટર દ્વારા ગાંધીનગર ખાતે તા. ૧ અને ૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ માત્ર મહિલાઓ માટે ખાસ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, સેકટર-૨૩ ખાતે અને તા. ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેકટર- ૭ ખાતે માત્ર મહિલાઓ માટે રોજગાર ભરતીમેળો યોજાશે. આ મેળામાં મહિલાઓને સ્વરોજગાર લક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવશે. તેમજ ભરતી મેળામાં ધોરણ- ૧૦, ૧૨ પાસ, ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી અભ્યાસ કરેલ મહિલાઓ આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે. આ બન્ને ભરતી મેળા સવારના ૧૦.૦૦ કલાકે યોજાશે. આ બન્ને ભરતી મેળામાં મહિલાઓને સહભાગી થવા માટે રોજગાર અધિકારીશ્રીએ જણાવ્યુ છે.

# ૭૫ સ્ટાર્ટઅપ્સની બાયો-ઈક્યુબેટર્સ અને બાયો-સ્ટાર્ટઅપ્સ અંગે કોક્લેવ યોજાઈ

### દેશને મહામારીમાંથી બહાર કાઢવામાં બાયોટેકનોલોજીનું ખૂબ મોટું યોગદાન રહ્યું છેઃ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ગાંધીનગર,તા.૨૯

ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે આજે ૭૫ સ્ટાર્ટઅપ્સની બાયો-ઈક્યુબેટર્સ અને બાયો-સ્ટાર્ટઅપ્સ અંગેની કોક્લેવ યોજાઈ હતી. જેમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સ્ટાર્ટઅપ સાહસિકોને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, કોરોના વૈશ્વિક મહામારીના કપરા કાળમાં બાયોટેકનોલૉજી ક્ષેત્રની ભૂમિકાને આપણે નજીકથી જોઈ છે. ?બાયોટેકનોલૉજીના મહત્વને ધ્યાને લઈ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે 'બાયો ટેકનોલૉજી પોલીસી ૨૦૨૨-૨૭' અમલમાં મૂકી છે. આવી લાભદાયી નીતિઓના કારણે ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ''સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલીસી ૨.૦'' એ પ્રાઈમરીથી લઈને પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના તમામ વિદ્યાર્થીઓ ઈનોવેશન કરી શકે તે માટે રૂ. ૨.૫૦ લાખ સુધીની સહાય રાજ્ય સરકાર આપી રહી છે. 'માઈન્ડ ટુ માર્કેટ' વિચારને મૂર્તિમંત કરવા રાજ્ય સરકાર દ્વારા નવીન એવા ભવનનું નિર્માણ કરાશે, જ્યાં ૫૦૦ જેટલા સ્ટાર્ટઅપ્સ અને ડેવલપર્સ ૨૪ કલાક સુધી કામ કરી શકશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત ઉદ્યોગની ધરતી તરીકે ઓળખાય છે, પહેલા આપણે આફ્રિકા જઈને વેપાર કરવો પડતો હતો પણ આજે યુરોપ અને અમેરિકા જેવા દેશોમાં ગુજરાતના ઉદ્યોગ સાહસિકો, ગુજરાતી

ડાયસ્પોરા જોવા મળે છે. ધીરુભાઈ અંબાણી, કિરણ મજમુદાર, સાયરસ પૂનાવાલા, વિનુભાઈ જેવા ગુજરાતી ઉદ્યોગ સાહસિકોએ બાયોટેકનોલૉજી ક્ષેત્ર વિશેષ યોગદાન આપ્યું છે. આજે ટેકનોલૉજી આધારિત સ્ટાર્ટઅપ્સના કારણે આપણે વિશ્વના ખૂણે-ખૂણે પહોચ્યાં છીએ. દેશને મહામારીમાંથી બહાર કાઢવામાં બાયોટેકનોલોજીનું બહુ મોટું યોગદાન રહ્યું છે. બાયોટેકનોલોજીનું વિજ્ઞાન આપણને તમામ ક્ષેત્રના પ્રશ્નો માટે ઝડપી નિરાકરણ લાવવામાં મદદરૂપ બની રહ્યું છે. મંત્રીશ્રીએ આ પોલિસી વિશે વિસ્તૃત માહિતી આપતા કહ્યું હતું કે, બાયોટેકનોજી પૉલીસી ૨૦૨૨-૨૭ હેઠળ મૂડી રોકાણ માટે ૨૦૦ કરોડની ટોચ મર્યાદા સાથે ૨૫% લેખે કેપિટલ સબસિડી આપવાની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત ૧૫% લેખે વાર્ષિક રૂપિયા ૨૫ કરોડની મર્યાદામાં સીધી સહાય કરવાની પણ આ પોલીસીમાં જોગવાઈ છે. રૂા.૧૦૦ કરોડ સુધીની ટર્મ લોનને સહાયરૂપ થવા માટે વાર્ષિક ૭% લેખે અને રૂ. ૭ કરોડની વાર્ષિક મર્યાદામાં ૩% વ્યાજની જોગવાઈ પણ આ પોલિસીમાં કરવામાં આવી છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સંશોધન એક કાયમી પ્રક્રિયા છે, તે થતું પણ રહ્યું છે અને આપણે એમાં નિમિત પણ થયા છીએ. માત્ર વૈજ્ઞાનિકો જ આ કાર્યમાં આગળ વધી શકે એ શક્ય નથી, તેના માટે નવી ટેકનોલોજી તથા નિવેશ સાથે સ્ટાર્ટઅપ સાહસિકોની પણ જરૂરિયાત છે. સ્ટાર્ટઅપ થકી આપણે દેશના જ નહીં પણ આખી દુનિયાના લીડર બનવા જઈ રહ્યા છીએ. મંત્રીશ્રીએ ઉપસ્થિત ૭૫ સ્ટાર્ટઅપ્સને બાયોટેકનોલોજી પોલીસી ૨૦૨૨-૨૭નો લાભ લેવા માટે ખાસ અનુરોધ કર્યો હતો.

# કેએસવી સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓનો સ્માર્ટ ઈંડિયા હેકાથોન-૨૦૨૨માં પ્રથમ ક્રમાંક

### કડી ખાતેની વિદુષઃ સોમાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી રૂપિયા એક લાખનો પુરસ્કાર જીત્યો

ગાંધીનગર, તા. ૨૯

ભારત સરકાર તથા એઆઈસીટીઈના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની સ્માર્ટ ઈંડિયા હેકાથોન એસઆઈએચ-૨૦૨૨ની ફાઈનલ પ્રતિયોગિતાનું પાવઈ કોલેજ ઓફ એન્જિનિરીગ, તામિલનાડુ ખાતે તા. ૨૫ થી ૨૬ ઓગસ્ટ ૨૦૨૨ દરમિયાન આયોજન થયું હતું. વર્ષ ૨૦૧૭થી દર વર્ષે યોજાતી સ્માર્ટ ઈંડિયા હેકાથોનનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ દ્વારા જુદીજુદી સમસ્યાઓનો સોફ્ટવેરે તથા હાર્ડવેર દ્વારા ઉકેલ શોધવાનો તથા યુવાઓને તે તરફ વાળવાનો છે. સરકારનો આ દ્વારા મેક ઈન ઈન્ડિયા અભિયાનને સફળ કરવાનો ઉદ્દેશ છે.

સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન ૨૦૨૨ની ફાઈનલ પ્રતિયોગિતામાં દેશભરમાંથી પ્રારંભિક રાઉન્ડની વિજેતાના ૨૧૦ વિદ્યાર્થીઓએ જુદાજુદા બે વિભાગની ૧૫ થીમ માટે ઉત્સાહભેર જોડાયા હતા. ઉદ્ઘાટન સમારંભ દરમિયાન નરેન્દ્રભાઈ મોદીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રતિયોગિતામાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની વિદુષઃ સોમાણી કોલેજના વિદ્યાર્થીઓ ઓમ પટેલ, નીલ પટેલ, વિશ્વાસ પટેલ, ક્રીનલ ખમાર, આર્યન પટેલ અને શેરોનની ટીમ "ટેક મેટ્રિક્સ" પ્રો. વિમલ ભટ્ટ, પ્રો. નેહલ શાહ, પ્રો. હિમાની ત્રિવેદી તથા સંસ્થાના અન્ય સ્ટાફનાના માર્ગદર્શન હેઠળ ભાગ લઈને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. પ્રિડિક્શન ઓફ એડમિશન એન્ડ જોબ્સ ઈન એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી, મેનેજમેન્ટ, ફાર્મસી વીથ રિસ્પેક્ટ ટુ ડેમોગ્રાફિક લોકેશન્સ" વિષય વિદ્યાર્થીઓને પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ સ્વરૂપે આપવામા આવ્યુ હતું. વિદ્યાર્થીઓને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરવા બદલ એક લાખ રૂપિયા પુરસ્કાર રૂપે એનાયત કરવામાં આવ્યો છે. આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. હિરેન પટેલે અને કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિવર્સીટીના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેને વિદ્યાર્થીઓને તથા મેન્ટરને અભિનંદન આપીને વિદ્યાર્થીઓના તેજસ્વી ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.